ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના રમતગમતના સંબંધોની સદીની ઉજવણી

ન્યૂઝીલેન્ડ-ભારત વચ્ચે સૌથી મોટી દ્વિપક્ષીય સીરિઝ રમાશે

ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના 40 દિવસ લાંબા પ્રવાસમાં ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ-પાંચ ટી-20 અને વન ડે તેમજ બે ટેસ્ટ રમાશે

ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ઇતિહાસમાં પહેલીવાર કોઇ પ્રવાસી ટીમ સામેની હોમ સિરિઝમાં કુલ 12 મેચ રમાશે

2019-20ની સીઝન પછી ભારતનો આ ન્યૂઝીલેન્ડનો પહેલો ટેસ્ટ પ્રવાસ, આ દરમિયાન ન્યૂઝીલેન્ડ બે વાર ભારત પ્રવાસે આવી ગયું

ઓકલેન્ડ, તા. 03 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષે 22 ઓક્ટોબરથી પહેલીાિ ડિસેમ્બર દરમિયાન ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે, જ્યાં બંને ટીમો વચ્ચે ત્રણેય ફોર્મેટની એક લાંબી સીરિઝ રમાશે. આ પ્રવાસમાં અભૂતપૂર્વ 10 મર્યાદિત ઓવરોની મેચો રમાશે, જે ન્યૂઝીલેન્ડના ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી પુરુષ દ્વિપક્ષીય ક્રિકેટ સીરિઝ બનશે.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મુખ્ય શહેરોમાં પાંચ ટી-20I, પાંચ વન-ડે અને બે ટેસ્ટ મેચ રમાશે. ન્યૂઝીલેન્ડના ઇતિહાસમાં કોઈપણ પ્રવાસી ટીમ સામે રમાનારી આ સૌથી વધુ 12ની સીરિઝ બનશે. આ સીરિઝ એક ઐતિહાસિક અવસર સમાન છે, કારણ કે બંને દેશો રમતગમતના સંબંધોના ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

40 દિવસનો આ પ્રવાસ 22 ઓક્ટોબરે ક્રાઈસ્ટચર્ચમાં પ્રથમ ટી-20I મેચ સાથે શરૂ થશે. ટી-20I સીરિઝ પૂરી થયા બાદ વન-ડે સીરિઝ શરૂ થશે, જેની પ્રથમ મેચ ચાર નવેમ્બરે ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાશે. તે પછી બે ટેસ્ટની સીરિઝ શરૂ થશે. પ્રથમ ટેસ્ટ મેચ 19થી 23 નવેમ્બર દરમિયાન વેલિંગ્ટનના સેલો બેસિન રિઝર્વ મેદાન પર રમાશે, જ્યારે બીજી અને અંતિમ ટેસ્ટ મેચ 27 નવેમ્બરથી પહેલી ડિસેમ્બર દરમિયાન ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલ મેદાન પર રમાશે.

વર્ષ 2019-20ની સીઝન પછી ભારતનો આ ન્યૂઝીલેન્ડનો પહેલો ટેસ્ટ પ્રવાસ હશે. ત્યારપછી ન્યૂઝીલેન્ડની ટીમ બે વાર ભારત પ્રવાસે આવી ચૂકી છે, જેમાં 2024-25 નો ઐતિહાસિક પ્રવાસ પણ સામેલ છે જ્યાં ન્યૂઝીલેન્ડે ટેસ્ટ સીરિઝમાં ભારતને 3-0થી હરાવ્યું હતું. ન્યૂઝીલેન્ડ અને ભારત વચ્ચેના 100 વર્ષના રમતગમતના સંબંધોની ઉજવણીના ભાગરૂપે ન્યૂઝીલેન્ડ સરકાર આ પ્રવાસને સંપૂર્ણ ટેકો આપી રહી છે.

આ સીરિઝ ન્યૂઝીલેન્ડ અને ભારતના સહિયારા ઇતિહાસ અને સંસ્કૃતિની ઉજવણી હશે : ગ્લેન ક્રિચલી

ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ચીફ માર્કેટિંગ એન્ડ કોમર્શિયલ ઓફિસર ગ્લેન ક્રિચલીએ જણાવ્યું હતું કે, જ્યારે ક્રિકેટની વાત આવે છે, ત્યારે ભારતથી મોટું કંઈ નથી. અમે ન્યૂઝીલેન્ડના લોકોને એક અદ્ભૂત પ્રવાસનો અનુભવ કરાવવા માટે કટિબદ્ધ છીએ. તેમણે વધુમાં ઉમેર્યું, કે આ માત્ર મેદાન પરની ક્રિકેટ મેચો પૂરતું સીમિત નહીં હોય, પરંતુ તે ન્યૂઝીલેન્ડ અને ભારતના સહિયારા ઇતિહાસ અને સંસ્કૃતિની ઉજવણી હશે. ભારતીય ટીમની લોકપ્રિયતા અને ફેન્સ ક્રેઝ અદ્ભૂત છે, વળી આ પ્રવાસમાં વિરાટ કોહલી અને જસપ્રિત બુમરાહ જેવા સ્ટાર ખેલાડીઓ આવવાના હોવાથી અમે તેના રોમાંચ અને ફેન્સના ઉત્સાહ માટે અત્યારથી જ તૈયાર થઈ રહ્યા છીએ.

ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસનું સંપૂર્ણ શેડ્યૂલ

મેચ	તારીખ	સ્થળ
પહેલી T20I	22 ઓક્ટોબર	ક્રાઇસ્ટચર્ચ
બીજી T20I	24 ઓક્ટોબર	ક્રાઇસ્ટચર્ચ
ત્રીજી T20I	27 ઓક્ટોબર	વેલિંગ્ટન
ચોથી T20I	30 ઓક્ટોબર	ઓકલેન્ડ
પાંચમી T20I	1 નવેમ્બર	હેમિલ્ટન
પહેલી વન-ડે	4 નવેમ્બર	ઓકલેન્ડ
બીજી વન-ડે	7 નવેમ્બર	વેલિંગ્ટન
ત્રીજી વન-ડે	10 નવેમ્બર	હેમિલ્ટન
ચોથી વન-ડે	13 નવેમ્બર	માઉન્ટ માઉન્ગાનુઈ
પાંચમી વન-ડે	15 નવેમ્બર	માઉન્ટ માઉન્ગાનુઈ
પહેલી ટેસ્ટ	19થી 23 નવેમ્બર	વેલિંગ્ટન
બીજી ટેસ્ટ	27 નવેમ્બરથી 1 ડિસેમ્બર	ક્રાઇસ્ટચર્ચ

ડલાસમાં વ્હેલ માછલીના ભીંતચિત્રને નષ્ટ કરવા બદલ કલાકારે ફિફા સામે દાવો માંડ્યો

આગામી ફૂટબોલ વર્લ્ડકપ મેચોની જાહેરાત કરવા માટે વ્હેલ માછલીના ભીંતચિત્રને રંગીને ભૂંસી નાંખવામાં આવ્યું

વાયલેન્ડ નામક કલાકારે 17000 ચોરસ ફૂટ વિસ્તારમાં દોરેલા ચિત્રને નષ્ટ કરવા બદલ રૂ. 208 કરોડનો દાવો માંડ્યો

ન્યૂયોર્ક, તા. 03 (AP) : ડલાસ શહેરની એક ઇમારત પર વિશાળકાય વ્હેલ માછલીઓનું ભીંતચિત્ર બનાવનાર કલાકારે, ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સંસ્થા ફિફા અને અન્ય લોકો સામે 2-5 કરોડ ડોલર અર્થાત અંદાજે 208 કરોડ રૂપિયાનો દાવો માંડ્યો છે. કલાકારનો આરોપ છે કે આગામી ફૂટબોલ વર્લ્ડકપ મેચોની જાહેરાત કરવા માટે તેના આ કલાકામને ગેરકાયદેસર રીતે રંગીને ભૂંસી દેવામાં આવ્યું છે.

'વાયલેન્ડ'નામના આ કલાકારે જણાવ્યું છે કે, તેમણે પોતાના હાથે આ ભીંતચિત્ર દોર્યું હતું, જે ઇમારતની બે દિવાલો પર આશરે ૧૭,૦૦૦ ચોરસ ફૂટ જેટલા વિશાળ વિસ્તારમાં ફેલાયેલું હતું. આ ભીંતચિત્ર લગભગ ત્રણ દાયકાથી ત્યાં અકબંધ ઊભું હતું, પરંતુ ગયા મહિને મજૂરોએ તેના પર રંગ ફેરવવાનું શરૂ કર્યું હતું. આ ઘટનાને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે આક્રોશ ફેલાયો છે, જેઓ આ ભીંતચિત્રના વિશાળ કદ અને સમુદ્રી જીવોના સંરક્ષણના તેના સંદેશના પ્રશંસક હતા.

વાયલેન્ડ દ્વારા સોમવારે ડલાસની યુ.એસ. ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેમાં તેણે જણાવ્યું છે કે, વર્લ્ડકપના આયોજકોએ ઇમારતના માલિક અને મેનેજમેન્ટ કંપની સાથે મળીને, તેની સંમતિ વિના કે તેમને જાણ કર્યા વિના જ આ ભીંતચિત્ર પર રંગ ફેરવી દીધો. તેણે દાવો કર્યો કે આ પગલું જાહેર સ્થળોએ પ્રદર્શિત કલાકૃતિઓને નષ્ટ થતી બચાવવા માટે 1990માં બનેલા ફેડરલ કાયદાનું ઉલ્લંઘન છે. નિક વર્લ્ડકપ આયોજક સમિતિએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, વાયલેન્ડના ભીંતચિત્રના સ્થાને એક નવું કલાકામ કરવાનું આયોજન છે, જે વર્તમાન ઐતિહાસિક ક્ષણને રજૂ કરે અને વર્લ્ડ કપ ૨૦૨૬ સાથે જોડાયેલી ઉર્જા, એકતા અને વૈશ્વિક ભાવનાને દર્શાવે.

મહિલા હોકી U18 એશિયા કપમાં ભારતે સિંગાપોરને 25-0થી હરાવ્યું

ભારતની જૂનિયર ખેલાડીઓએ ૯૦ મિનિટની મેચમાં 25 ગોલ કરીને ઇતિહાસ રચ્યો

કાકામીગહરા, તા. 03 : ભારતીય જુનિયર મહિલા હોકી ટીમે અંડર-18 એશિયા કપમાં પોતાનો પ્રભાવશાળી દેખાવ ચાલુ રાખીને સિંગાપોરને 25-0ના રેકોર્ડ માર્જિનથી હરાવ્યું. પૂલ Aના આ એકતરફી મુકાબલામાં, ભારતીય ટીમે શરૂઆતથી અંત સુધી મેચ પર પ્રભુત્વ જમાવ્યું. આ ઐતિહાસિક અને શાનદાર વિજય સાથે, અપરાજિત રહીને પૂલ A માં તેની બધી મેચ જીતી ભારતે સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું.

આ મેચમાં, ભારતની સ્ટાર ખેલાડી, નમ્મી ગીતાશ્રીએ પોતાના આક્રમક રમતથી સિંગાપોરના ડિફેન્સને સંપૂર્ણપણે તોડી નાખ્યું. ગીતાશ્રીએ એકલા હાથે પાંચ શાનદાર ગોલ કર્યા, જેના કારણે તેણીને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. ગીતાશ્રી ઉપરાંત,શીન નાઝે મેચમાં સૌથી વધુ 7 ગોલ કર્યા જ્યારે સ્વીટી કુજુરે પણ 4 શાનદાર ગોલકર્યા. આ બંનેના આ સંયોજન સામે સિંગાપોરનો ગોલકીપર લાચાર જણાઈ હતી.

U-18 મેન્સ એશિયા કપમાં ભારતે ચાઇનીઝ તાઈપેઈને 13-1થી હરાવ્યું

કાકામિગહારા, તા. 03 : ભારતીય પુરુષ હોકી ટીમે બુધવારે અહીં તેમની છેલ્લી પૂલ એ મેચમાં ચાઇનીઝ તાઈપેઈને 13-1થી હરાવીને શાનદાર પ્રદર્શન કર્યું અને અંડર-18 એશિયા કપ 2026 ની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતે પોતાના પૂલ મેચોમાં કઝાકિસ્તાન, કોરિયા અને ચાઇનીઝ તાઇપેઇ સામે જીત મેળવી હતી, જ્યારે યજમાન જાપાન સામે હારનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે ચાર મેચમાં નવ પોઈન્ટ થયા હતા. ટીમે ચાઇનીઝ તાઇપેઇ સામે આક્રમક વલણ અપનાવ્યું જેમાં આશિષ તાની પૂર્તિએ હેટ્રિક સાથે સ્ટાર પર્ફોર્મર તરીકે રમતમાં સ્થાન મેળવ્યું જ્યારે ગાઝી ખાન, સિદ્ધાર્થ બેન અને રાહુલ યાદવે બે-બે ગોલ કર્યા. કરણ ગૌતમ, પ્રેમચંદ સોયા, કેપ્ટન કેતન કુશવાહા અને વરિન્દર સિંહ પણ ગોલ કર્યા હતા.

ફ્રેન્ચ ઓપન મહિલા સિંગલ્સની અંતિમ ચારમાંથી ત્રણ ખેલાડી પહેલીવાર સેમીમાં રમશે

શ્નાઈડરે સબાલેન્કાને હરાવી મોટો અપસેટ કર્યો, ચ્વાલિન્સ્કા પણ સેમીમાં

ડાયના શ્નાઇડરે પહેલો સેટ હારી બીજા સેટમાં 4-5થી પાછળ હતી પછી જોરદાર વાપસી કરીને જીત મેળવી

માજા ચવાલિન્સ્કા ગ્રાન્ડ સ્લેમ સેમીમાં પહોંચનારી છઠ્ઠી અને રોલા ગેરોની સેમીમાં પહોંચનારી બીજી ક્વોલિફાયર

પેરિસ, તા. 03 : વિશ્વની નંબર વન મહિલા ટેનિસ ખેલાડી આર્યના સબાલેન્કા બુધવારે અહીં ડાયના શ્નાઇડર સામે અપસેટનો શિકાર બનતા ફ્રેન્ચ ઓપન ક્વાર્ટર ફાઇનલમાંથી બહાર થઈ ગઈ હતી. આ તરફ અન્ય એક ક્વાર્ટર ફાઇનલમાં અન્ના કાલિન્સકાયાને હરાવીને ક્વોલિફાયર માજા ચ્વાલિન્સ્કાએ પણ પોતાની શાનદાર દોડ ચાલુ રાખીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ સાથે જ મહિલા સિંગલ્સમાં માર્ટા કોસ્તયુક, મીરા એન્ડ્રીવા, શ્નાઇડર અને ચ્વાલિન્સ્કા અંતિમ ચારમાં પહોંચી છે અને તેમાં એન્ડ્રીવા સિવાયની બાકીની ત્રણેય પહેલીવાર અહીં સેમી ફાઇનલમાં રમશે.

ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સબાલેન્કા ક્વાર્ટર ફાઇનલમાં પહેલો સેટ જીત્યા પછી બાકીના બે સેટ ગુમાવીને સ્નાઇડર સામે 3-6, 7-5, 6-0 થી હારી ગઈ. બીજા સેટમાં સબાલેન્કાએ 4-1થી લીડ મેળવી હતી અને જ્યારે તેણીએ 5-4થી મેચ માટે સર્વિસ કરી ત્યારે તે વિજયથી માત્ર બે પોઈન્ટ દૂર હતી. જોકે, તેણીના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં રમી રહેલી સ્નાઇડરે જોરદાર વાપસી કરી અને સબાલેન્કાને કોઈ તક આપી નહીં. વિશ્વની ૧૧૪મી ક્રમાંકિત માજા ચ્વાલિન્સ્કાએ બુધવારે ૨૨મી ક્રમાંકિત અન્ના કાલિન્સકાયાને હરાવીને ફ્રેન્ચ ઓપનમાં પોતાની શાનદાર દોડ ચાલુ રાખી અને વ્યાવસાયિક યુગમાં રોલા ગેરોમાં અંતિમ ચારમાં પહોંચનારી બીજી મહિલા ક્વોલિફાયર બની. આ પહેલા નાદિયા પોડોરોસ્કા 2020 માં ઓપન યુગમાં ક્વોલિફાઈંગમાંથી પસાર થઈને ક્લે-કોર્ટ ગ્રાન્ડ સ્લેમમાં સેમિફાઇનલમાં પહોંચનારી પ્રથમ મહિલા બની હતી. જ્યારે તે ઓપન એરામાં મહિલા સિંગલ્સ ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પહોંચનારી છઠ્ઠી ક્વોલિફાયર છે.

ચ્વાલિન્સ્કાએ એક કલાકથી વધુ સમય પછી કોર્ટ ફિલિપ-ચેટિયર પર કાલિન્સ્કાયાને 7-6, 6-3થી હરાવીને તેની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ મહિલા સિંગલ્સ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ચ્વાલિન્સ્કા ઓપન યુગમાં રોલા ગેરોમાં મહિલા સિંગલ્સ સેમિફાઇનલમાં પહોંચનારી ઇગા સ્વિટેક પછી પોલેન્ડની બીજી ખેલાડી બની છે

પેરિસમાં પોતાની સફળ ફ્રૂચ પહેલા ચ્વાલિન્સ્કાએ તેની કેરિયરમાં ક્લે કોર્ટ પર ફક્ત બે ટૂર-લેવલ મેચ જીતી હતી, હવે તે આ કોર્ટ પરના સૌથી મોટા ટાઇટલ માટે સ્પર્ધા કરવાથી માત્ર એક વિજય દૂર છે. શુક્રવારે રમાનારી મહિલા સિંગલ્સની સેમી ફાઇનલમાં આ 24 વર્ષીય ખેલાડીનો સામનો 5મી ક્રમાંકિત ડાયના શ્નાઇડર સાથે થશે.

ફ્રેન્ચ ઓપન : બાલાજી અને ડેમોલાઇનર ક્વાર્ટર ફાઇનલમાં હાર્યા

પેરિસ, તા. 03 : ભારતીય ટેનિસ ખેલાડી એન શ્રીરામ બાલાજી અને તેમના બ્રાઝિલિયન પાર્ટનર માર્સેલો ડેમોલાઇનરનું ફ્રેન્ચ ઓપન 2026 મેન્સ ડબલ્સ અભિયાન ક્વાર્ટર ફાઇનલમાં સમાપ્ત થયું. આ જોડીને બીજા ક્રમાંકિત જોડી હેરી હેલિયોવારા અને હેનરી પેટન સામે એક કલાક અને 17 મિનિટ સુધી ચાલેલી મેચમાં સીધા સેટમાં 3-6, 4-6થી હારનો સામનો કરવો પડ્યો. બાલાજી-ડેમોલાઇનરની જોડીએ ત્રીજા રાઉન્ડમાં છઠ્ઠી ક્રમાંકિત જર્મન જોડી કેવિન ક્રાવિટ્ઝ અને ટિમ પુટ્ઝને 7-5, 6-4થી હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. જો કે તેઓ ક્વાર્ટર ફાઇનલથી આગળ વધી શક્યા નહોતા.

નોર્વે ચેસ : પ્રજ્ઞાનંદાએ કાર્લસનને ફરી હરાવ્યો; ગુકેશની આશાઓ સમાપ્ત

એક જ ટૂર્નામેન્ટની ક્લાસિકલ ગેમમાં આ વર્ષે કાર્લસનને બે વાર હરાવનારો પ્રજ્ઞાનંદા પ્રથમ ખેલાડી બન્યો

ઓસ્લો, તા. 03 (પીટીઆઈ) : ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ સ્થાનિક હીરો અને વિશ્વના નંબર વન ખેલાડી મેગ્નસ કાર્લસનને વધુ એક મોટો ઝટકો આપ્યો છે. પ્રજ્ઞાનાનંદે 'નોર્વે ચેસ ૨૦૨૬'માં બીજી વખત ક્લાસિકલ ગેમમાં આ નોર્વેજીયન ખેલાડીને હરાવીને આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટનો પ્રથમ ભારતીય ચેમ્પિયન બનવાની પોતાની દાવેદારી મજબૂત કરી દીધી છે. બીજી તરફ, વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશની ટાઈટલ જીતવાની આશાઓ સમાપ્ત થઈ ગઈ છે. ૮મા રાઉન્ડમાં ફ્રાન્સના ગ્રાન્ડમાસ્ટર અલીરેઝા ફિરોઝ્જા સામે વધુ એક કારમી હાર બાદ ગુકેશ માત્ર ૮ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે ફેંકાઈ ગયો છે. આ પ્રતિષ્ઠિત ડબલ રાઉન્ડ-રોબિન ઈવેન્ટમાં પ્રજ્ઞાનંદા આ વર્ષે ક્લાસિકલ ગેમ્સમાં કાર્લસનને બે વાર હરાવનાર તે એકમાત્ર ખેલાડી બન્યો છે. ટૂર્નામેન્ટમાં હવે માત્ર બે રાઉન્ડ બાકી છે ત્યારે આ જીત સાથે પ્રજ્ઞાનંદા 12 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. અલીરેઝા ૧૩ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે, જ્યારે અમેરિકાના જીએમ વેસ્લી સો14 પોઈન્ટ સાથે હજુ પણ મોખરે છે. કાર્લસનનું ખરાબ ફોર્મ ચાલુ રહેતા તેનું આઠમું નોર્વે ચેસ ટાઈટલ જીતવાનું સપનું લગભગ રોળાઈ ગયું છે.

માઈકલ શૂમાકરના 50 વર્ષિય ભાઇ રાલ્ફે 36 વર્ષના પ્રેમી સાથે સજાતીય લગ્ન કર્યા

ફેરારીના માજી દિગ્ગજ રેસર માઇકલ શૂમાકરના ભાઈ અને માજી F1 ડ્રાઇવર રાલ્ફ શુમાકરે સપ્તાહના અંતે સેન્ટ-ટ્રોપેઝમાં એટીન બુસ્કેટ-કાસાગ્ને સાથે સજાતીય લગ્ન કર્યા. માજી ડ્રાઇવર ગે હોવાનું બહાર આવ્યાના 19 મહિના પછી જ 50 વર્ષિય રાલ્ફ, અને 36 વર્ષિય બુસ્કેટ-કેસાગ્ને લગ્નગ્રંથિથી જોડાયા હતા. રાલ્ફે 2001માં 27 વર્ષની વયે તે સમયે 25 વર્ષની કોરા સાથે લગ્ન કર્યા હતા અને 2015 સુધી તેની સાથે જ હતો. જુલાઈ 2024માં પોતે ગે હોવાનું જાહેર કરીને તેણે ફ્રેન્યમેન સાથેના તેના સંબંધ સ્વીકાર્યા હતા.

સુડોકુ

૩	૨				૯		૬	૧
૭	૯	૧	૬		૫	૩	૮	
	૮		૭	૩	૧	૫		
	૬	૨	૧	૪	૮	૯		૭
				૭	૨	૬	૪	૮
				૬			૫	૨
						૪		૫
૧			૨		૬	૮		૩
૮		૭	૩		૪			

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૮	૨	૪	૩	૯	૭	૫	૧
૯	૭	૩	૬	૮	૨	૪	૧	૫
૫	૧	૪	૭	૨	૧	૬	૩	૮
૨	૫	૬	૯	૧	૩	૮	૪	૭
૭	૪	૧	૮	૫	૬	૨	૯	૩
૮	૩	૯	૨	૭	૪	૫	૬	૧
૩	૬	૨	૫	૪	૭	૧	૮	૯
૧	૨	૭	૩	૬	૫	૯	૧	૪
૪	૯	૫	૧	૯	૮	૩	૨	૬

૦૨૫૬-૭૬૬૭ કૌંડિ

આજનું પંચાંગ

તા.04/06/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: વદ: ચોથ : 23:31
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 14
યોગ : શુક્લ **કરણ:** બવ
નક્ષત્ર : ઉ.પા: ૨૭.૪૨
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) 07:43 પછી મકર (ખ.જ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 05:58
સુરતમાં સૂર્યાસ્ત : 19:16
નવકારસી : 06:46
પારસી વર્ષ : 1395 દએ માસનો 24મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 17મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોર : 13:30 થી 15:00 સુધી

મેષ (અ,લ,ઇ,): ધંધામાં આવક વધે. મોજ-શોખ તથા સીઝનલ ધંધામાં નવી તક ઊભી થાય. નોકરીમાં પ્રમોશન.

વૃષભ (બ,વ,ઉ,): ઉચ્ચ શિક્ષણ, સાહિત્ય, કાયદા કાનૂન તથા ધાર્મિક સાહિત્યને લગતા કામમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): પ્રામાણિક લોકોની કદર થાય. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. ઉઘરાણી આવી શકે છે. ખર્ચા વધશે.

કર્ક (ડ,હ,): પ્રેમવિવાહમાં મદદ મળે. સામાજિક કામમાં યશ મળે. રોજની આવક વધે. કોર્ટ-કચેરીમાં મદદ.

સિંહ (મ,ટ,): હરીફો પરેશાની વધારે. વિજાતિ આવેગ પર કાબૂ રાખવો. નોકરીમાં જવાબદારી વધે. ખર્ચા વધશે.

કન્યા (પ,ઠ,ણ,): પરીક્ષામાં સફળતા મળે. હરીફાઈમાં ઇનામ મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. આવક વધશે.

તુલા (ર,ત,): જમીન, ખેતીને લગતાં કામ સરળ બનશે. વારસાનાં કામમાં પ્રગતિ થાય. બહાર જવાનું બનશે.

વૃશ્ચિક (ન,ય,): આત્મવિશ્વાસ વધે. વિવાદ ટાળવો. પ્રવાસ થાય. ભાઈ-બહેનોનાં સાથ મળે. નોકરીમાં મદદ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): મોજ-શોખ દલાલી ટ્યુશન, માર્કેટીંગ જેવા કામમાં અચાનક આવક વધશે. ઉઘરાણી આવે.

મકર (ખ,જ,): ઉત્સાહ જનક સમાચાર મળે. સામાજિક કામમાં પ્રગતિ થાય. દાંપત્ય જીવનમાં તાલ મેળ રહે.

કુંભ (ગ,સ,શ,ષ,): કોર્ટ-કચેરી, સહી સિક્કા, બાબતે અચાનક મદદ મળે. સામાજિક પ્રતિષ્ઠા વધે. દાન-પુણ્ય થાય.

મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચ કક્ષાના વિજાતિય મિત્રોનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં મદદ મળે.

આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 04 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં અચાનક બદલી અને સ્થાનફેરથી દોડધામ વધશે. નોકરી ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવે. નવાં રોકાણ સરળ બને. આરોગ્ય સામાન્ય રહે. કોર્ટ, કચેરી, સરકારી કામ, કાયદા કાનૂન બાબતે ચડતી-પડતી અને મદદથી થોડી રાહત થતી રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીનો લાભ મળે મહેનત ફળે. વિદેશનાં કામમાં મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહની શકયતા રહેશે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન બાબતે મિત્રોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન - જુલાઈ રવિ-સોમ-બુધવાર, 04, 13, 22, 31 તારીખે નવાં કામ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શનિ-શુક્રવાર, 7, 16, 25 તારીખે નવા કામ ટાળવા સફેદ રંગનો ઉપયોગ ટાળવો નીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. રાહુના ઉપાય કરવા.

અનુસંધાન ... પાના પહેલાનું

માતાએ બાળકને...

ગાદલા પાથરી દીધા હતા, જેના પર ત્રીજા માળેથી એક મહિલા પોતાના નાના બાળકને લઈને કૂદી પડી હતી અને બંનેનો જીવ બચી ગયો હતો. એક વિદેશી દંપતીએ ચોથા માળની બારીનો કાચ અને એલ્યુમિનિયમની જાળી તોડીને પાઇપના સહારે નીચે ઉતરી જીવ બચાવ્યો હતો. ફાયર બ્રિગેડ અને સ્થાનિકોએ ૫૮ લોકોને બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડ્યા હતા, જેમાંથી ૨૧ લોકોને મૃત જાહેર કરાયા હતા. મૃતકોમાં સેન્ટ્રલ એશિયા અને આફ્રિકન દેશોના ૧૧ નાગરિકો સામેલ છે, જેઓ નજીકની મેક્સ હોસ્પિટલમાં પોતાના સંબંધીઓની સારવાર માટે દિલ્હી આવ્યા હતા.

બંગાળમાં શિવસેના-NCP...

છે કે તેઓ મમતા બેનર્જીને પક્ષના અધ્યક્ષ તરીકે સ્વીકારે છે, પરંતુ પક્ષના નિર્ણયોમાં તેમના ભત્રીજા અભિષેક બેનર્જીની દખલગીરી અને સત્તા તેમને બિલકુલ મંજૂર નથી. બીજી બાજુ, રાજ્યમાં ગયા મહિને જ સત્તા પર આવેલા ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ એક્સ પર પ્રહાર કરતા લખ્યું કે, બંગાળની જનતા બાદ હવે મમતા બેનર્જીને તેમના પોતાના જ પક્ષના સભ્યોએ નકારી દીધા છે અને આ તો માત્ર શરૂઆત છે. બંગાળમાં ડાબેરી પક્ષો (CPI-M) અને કોંગ્રેસે ટીએમસીની આ સ્થિતિ પર જોરદાર કટાક્ષ કર્યો છે. સીપીઆઈ (એમ)ના નેતા સુજન ચક્રવર્તીએ જણાવ્યું કે, 'ઇતિહાસનું ચક્ર આજે પૂરું થયું છે.'

H-1B વિઝા...

લાંબો સમય લાગે છે. આ વાતચીત દરમિયાન સેનેટર કોલિન્સે દેશના ગ્રામીણ વિસ્તારોમાં ડોક્ટરોની ભારે અછતનો મુદ્દો ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે ઉત્તરી મેઈનના એક ગ્રામીણ હોસ્પિટલને એક વિદેશી સર્જન નિયુક્ત કરવા માટે તાજેતરમાં જ આટલી મોટી ફી ચૂકવવી પડી હતી. સેનેટર કોલિન્સે ભારપૂર્વક કહ્યું કે ધનિક કેલિફોર્નિયા અને સિલિકોન વેલીમાં કોમ્પ્યુટર એક્સપર્ટ લાવવા અને ગ્રામીણ વિસ્તારોમાં જરૂરી સર્જન લાવવા વચ્ચે ઘણો મોટો તફાવત છે. તેમણે આ ફીમાંથી તબીબી વ્યાવસાયિકોને મુક્તિ આપવા અથવા કેસ-બાય-કેસ આધારે રાહત આપવા વિનંતી કરી હતી, જેના પર મુલિને યોગ્ય ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. આ